# કર્મચારી કલ્યાણ મંડળ
# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

**મંત્રીઃ ૯૯૨૫૦૩૦૬૭૫ (વી.સી.રાજ)**
**કા.સભ્યઃ ૯૮૭૯૦૧૭૮૬૩ (એમ.કે.મલેક)**

નોંધણી ક્રમાંકઃઈ/૧૨૦૫/સુરત
તા.૩૧/૮/૧૯૮૮

## પરીપત્ર

આથી કર્મચારી કલ્યાણ મંડળ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ માનનીય આજીવન સભ્યશ્રીઓને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની પ્રણાલિકા મુજબ સને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં આપશ્રીના પુત્ર/ પુત્રીઓએ શ્રેણી ૧થી ૧૨ ની પરિક્ષાઓ આપી હોય અને ઉતીર્ણ થયેલ હોય તેઓને મંડળ તરફથી પ્રોત્સાહીત કરવા માટે મેરીટના આધારે ઈનામો આપવાનું આયોજન કરેલ છે. આ માટેના સામાન્ય નિયમો નીચે મુજબ છે. તે ધ્યાન લઈ પોતાની અરજી આપેલ પ્રર્ફોમાં મુજબ તા.૧૧.૬.૨૦૧૭ ગૂરૂવાર સાંજના ચાર વાગ્યા સુધીમાં શ્રી એ.એમ. પટેલ, મદદ. પ્રાધ્યા. સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી તથા શ્રી એમ.કે.મલેક, ખેતીવાડી મદદનીશ, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારીને મોકલી આપવા વિનંતી છે. (અરજી સામેલ પ્રર્ફોમામાંજ સ્વીકારવામાં આવશે)

## <u>સામાન્ય નિયમો</u>

1. ઈનામ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓના માતા/પિતા આજીવન સભ્યપદ મેળવેલ હોવું અનિવાર્ય છે. તા.૩૧.૩.૨૦૧૭ સુધીમાં મંડળની આજીવન સભ્ય ફી પુરેપુરી ભરેલ હોય તેઓ જ આ લાભ મેળવવાને પાત્ર રહેશે.
2. શ્રેણી ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧, અને ૧૨ની પરીક્ષામાં જે વિદ્યાર્થીની ૭૦%(સીતેર ટકા) કે તેથી વધુ માર્કસ મેળવી ઉર્તીણ થયેલ હોય તેઓની જ અરજી સ્વીકારવામાં આવશે.
3. શ્રેણી ૧૨ના વિજ્ઞાન, વાણિજય અને વિનયન પ્રવાહ માટે અલગ–અલગ ઈનામો આપવામાં આવશે.
4. વિદ્યાર્થીએ મેળવેલ શારિરીક શિક્ષણ અને સઉકા સિવાયના પાંચ વિષયોના માર્કસને ગણતરીમાં લઈને તેની ટકાવારી કાઢી જે તે શ્રેણી કે પ્રવાહમાં મેળવેલ વધુમાં વધુ ગુણ (ટકા) મુજબ પ્રથમ, દ્રિતિય, તૃતિય ઈનામ આપવામાં આવશે.
5. ઈનામ માટે અરજી કરનાર સભ્યશ્રી એ પોતાના પુત્ર/પુત્રીએ જે તે શાળામાં જે તે શ્રેણીમાં અભ્યાસ કર્યો હોય તેની ગુણ પત્રકની પ્રમાણિત નકલ સાથેની અરજી તા.૧૧.૬.૨૦૧૭ ના સાંજના ચાર વાગ્યા સુધીમાં પહોંચતી કરવાની રહેશે.
6. ઈનામ માટેનો નિર્ણય કર્મચારી કલ્યાણ મંડળની કારોબારી સમિતિ કરશે અને તે સર્વેને બંધનકર્તા અને આખરી રહેશે.
7. **અરજીમાં આજીવન સભ્ય ફી ભરી હોય તેનો રસીદ નંબર અને તારીખ અવશ્ય જણાવવાની રહેશે અથવા તો સભ્યપદ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.**

**પ્રર્ફોમાં**

| | |
|---|---|
| કર્મચારી/સભ્યનું નામ | રસીદ નં. તારીખઃ |
| ઓફીસ સરનામું | ફોન નં. |
| વિદ્યાર્થીનું નામ | |
| શાળાનું નામ | |
| ધોરણ | મેળવેલ ટકા |

જા.નં. ક.ક.મ.નવસારી/ઈનામ/ ૨૦ /૨૦૧૭
નવસારી તા. ૧ /૦૬/૨૦૧૭

**મંત્રી**
**કર્મચારી કલ્યાણ મંડળ**

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

1. પ્રતિ, તમામ કારોબારી સભ્યશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
2. પ્રતિશ્રી, યુનિટ/સબયુનિટ અને વિભાગીય વડાઓ તરફ જાણ સારૂ તથા આપના વિભાગના તમામ આજીવન સભ્યશ્રીઓને જાણ કરવા સારૂ.